Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# Employment Notice

Veer Narmad South Gujarat University invites online applications for the post of Office Superintendent in connection with the permission granted by the Education Department, Government of Gujarat, Gandhinagar vide Resolution No. ED/VNS/e-file/3/2026/0235/KH-2, dated 22-05-2026 as per following ;

| Sr. No | Name of Post | Pay Scale | No. of Post | Category |
|---|---|---|---|---|
| 1 | Office Superintendent | 44,900-1,42,400 (Level-08) (Fix Salary of Rs. 49,600/- per month for first five years) | 1 | General |

Eligible candidate shall be required to apply online on or before **30-11-2026 till 11:59 pm** at: http://vnsgunt.samarth.edu.in The other details & http://vnsgunt. samarth.edu.in. Applicant needs to send two hard copies of the application on or before **dated. 08-12-2026** along with all self-attested testimonials, certificates and all supporting documents. about application, form fee and minimum qualifications are available on the University website: www.vnsgu.ac.in

**Note:**

1. Any corrigendum/addendum, if issued, shall be published only on the University website. No separate communication shall be made to the applicants.
2. For updates, Candidates are advised to check University Website regularly **www.vnsgu.ac.in.**

No.: GAD/EmpNotice/25557/2026 — Sd/-

Date : 28/10/2026 — REGISTRAR

A. પોસ્ટની વિગત

| અ. નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ | ૪૪,૯૦૦ - ૧,૪૨,૪૦૦ (લેવલ-૦૮) (પ્રથમ પાંચ વર્ષ માટે દર મહિને રૂ.૪૯,૬૦૦/- નો ફિક્સ પગાર) | ૧ | જનરલ (સામાન્ય) |

<u>રાજ્ય સરકાર દ્વારા કાર્યાલય અધિક્ષકની જગ્યા માટેની શરતો:</u>

a. ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટીની મંજૂર કરાયેલી અંદાજપત્રીય જોગવાઈઓ હેઠળ ઠરાવ ક્રમાંક: ED/VNS/e-file/3/2026/0235/KH-2, તારીખ ૨૨-૦૫-૨૦૨૬ અન્વયે કાર્યાલય અધિક્ષકની જગ્યા મંજૂર કરવામાં આવી છે.

b. સરકારશ્રીની પ્રવર્તમાન મંજૂરી માત્ર સંબંધિત નાણાકીય વર્ષ માટે જ માન્ય છે. મંજૂર થયેલ નાણાકીય વર્ષ બાદ આ જગ્યા ચાલુ રાખવી એ સમયાંતરે ગુજરાત સરકારની મંજૂરી અને અંદાજપત્રીય મંજૂરીને ચાલુ રાખવા/નવીનીકરણ (renewal) ને આધીન રહેશે.

c. તદનુસાર, આ નિમણૂક સરકારની મંજૂરી, અંદાજપત્રીય જોગવાઈ અને સક્ષમ સત્તાધિકારીની મંજૂરીની ઉપલબ્ધતા અને સાતત્યને આધીન રહેશે. યુનિવર્સિટી લાગુ પડતા સરકારી ઠરાવો હેઠળ જરૂરીયાત મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનર અને સક્ષમ સરકારી સત્તાધિકારી મારફતે મંજૂરી ચાલુ રાખવા અંગેની પરવાનગી મેળવશે.

B. લાયકાત અંગેની વિગત:

| | |
|---|---|
| શૈક્ષણિક લાયકાત | A Bachelor's Degree in any discipline from any recognized Institute/ University. |
| અનુભવ | સરકારી (Government), અર્ધ-સરકારી (Semi-Government), સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Bodies), જાહેર સાહસો (Public Sector Undertakings) અથવા સરકારી અનુદાન મેળવતી (Grant-in-aid) સંસ્થાઓમાં અથવા ખાનગી યુનિવર્સિટી અથવા સ્વનિર્ભર કોલેજમાં હેડ ક્લાર્ક (Class-III) અથવા તેના સમકક્ષ હોદ્દા પરનો ઓછામાં ઓછો ૦૫ (પાંચ) વર્ષનો વહીવટી અનુભવ.<br>OR<br>સરકારી (Government),અર્ધ-સરકારી (Semi-Government), સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Bodies), જાહેર સાહસો (Public Sector Undertakings) અથવા સરકારી અનુદાન મેળવતી (Grant-in-aid) સંસ્થાઓમાં અથવા ખાનગી યુનિવર્સિટી અથવા સ્વનિર્ભર કોલેજમાં સિનિયર ક્લાર્ક (Class-III) અથવા તેના સમકક્ષ હોદ્દા પરનો ઓછામાં ઓછો ૧૦ (દસ) વર્ષનો વહીવટી અનુભવ.<br>OR<br>સરકારી (Government),અર્ધ-સરકારી (Semi-Government), સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Bodies), જાહેર સાહસો (Public Sector Undertakings) અથવા સરકારી અનુદાન મેળવતી (Grant-in-aid) સંસ્થાઓમાં અથવા ખાનગી યુનિવર્સિટી અથવા સ્વનિર્ભર કોલેજમાં જૂનિયર ક્લાર્ક (Class-III) અથવા તેના સમકક્ષ હોદ્દા પરનો ઓછામાં ઓછો ૧૫ (પંદર) વર્ષનો વહીવટી અનુભવ. |
| કોમ્પ્યુટર જ્ઞાન | ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' મુજબ કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી. |
| ભાષા જ્ઞાન | ગુજરાતી અને હિન્દી બંને ભાષાનું પૂરતું જ્ઞાન.<br>નોંધ: ઉમેદવારે નિયમિત નિમણૂક બાદ સરકારે વખતોવખત ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા યથાપ્રસંગ તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે . |
| પગાર ધોરણ | રૂ. ૪૪,૯૦૦ – ૧,૪૨,૪૦૦ (પે લેવલ-૮)<br>(પ્રથમ પાંચ વર્ષ માટે રૂ.૪૯,૬૦૦/- ફિક્સ પગાર મળવાપાત્ર રહેશે.) |
| ઉંમર મર્યાદા | ૪૦ વર્ષ |

નોંધ: ખાનગી યુનિવર્સિટી તેમજ સ્વનિર્ભર કોલેજોના અનુભવના સંદર્ભમાં ઉમેદવારની નિમણૂંક રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ અનુસાર થયેલ હોય તેવો જ અનુભવ ગણવામાં આવશે.

1. ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
2. જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

**<u>જાહેરાતમાં ઉપલી વયમર્યાદા આપવામાં આવેલ છે, તેમાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે</u>**

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના સા.શૈ.પ./આર્થિક રીતે નબળા વર્ગ/અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મૂળ ગુજરાતના સા.શૈ.પ./આર્થિક રીતે નબળા વર્ગ/અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૫ | માજી સૈનિક | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

C. પસંદગી પ્રક્રિયા

1. પરીક્ષાની રૂપરેખા –

આ ભરતી પ્રક્રિયા દરમ્યાન બે પરીક્ષાઓ લેવામાં આવશે અને તેમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોનું શોર્ટલિસ્ટ તૈયાર કરાશે, પરંતુ અંતિમ શોર્ટલિસ્ટ પ્રસિદ્ધ કરવી અને આખરી પાત્રતા નક્કી કરવી તે સંપૂર્ણપણે ઉમેદવારોના અસલ દસ્તાવેજોની વ્યાપક ચકાસણી અને વિગતવાર મૂલ્યાંકનને આધીન રહેશે, જેની સંતોષકારક પૂર્ણાહુતિ બાદ જ આખરી મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવશે.

1.1. પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam- Screening Test): અરજીઓની પ્રાથમિક ચકસાણીના આધારે આ પરીક્ષા યોજવામાં આવશે, આ પરીક્ષા માત્ર સ્ક્રિનિંગ માટે છે, તેના ગુણ પસંદગી માટેની આખરી મેરિટમાં ગણાશે નહીં, પ્રાથમિક પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ તમામ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

1.2. મુખ્ય પરીક્ષા (Main Exam): પ્રાથમિક પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ તમામ ઉમેદવારો માટે જ આ પરીક્ષા યોજાશે.

2. પસંદગી પ્રક્રિયા:

2.1. પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ આખરી પસંદગી માટેનું પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ મુખ્ય પરીક્ષામાં (main exam) મેળવેલ ગુણમાંથી જ તૈયાર કરવામાં આવશે.

2.2. પ્રમાણપત્ર ચકાસણી:

a) એક જગ્યાની સામે સાત ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવશે.

b) જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ ઉમેદવાર ધરાવે છે કે નહીં તે તપાસવા તેઓને "અસલ પ્રમાણપત્ર ચકાસણી" માટે ઉપસ્થિત રહેવા email દ્વારા જણાવવામાં આવશે.

c) પ્રમાણપત્રોની ચકાસણીના અંતે, ગેરહાજર રહેલ, જરૂરી આધાર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેલ તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત/અનુભવ ધરાવતા ન હોય તેવા ઉમેદવારોને ગેરલાયક (Disqualified) ઠરાવવામાં આવશે.

3. **ઘટ પૂર્તિ:**

3.1. આ પ્રક્રિયાના અંતે જો એક જગ્યાની સામે સાત ગણા ઉમેદવારોની સંખ્યા કરતા ઓછી સંખ્યા બાકી રહેશે, તો તેટલી ઘટ પૂરી કરવા માટે મેરીટ ક્રમમાં ત્યારપછી આવતા ઉમેદવારોને અસલ પ્રમાણપત્ર ચકાસણી માટે email દ્વારા બોલાવવામાં આવશે અને ઉપરોક્ત મુજબની સમાન પ્રક્રિયા કરવામાં આવશે.

4. **સમાન ગુણ**:પરીક્ષામાં સમાન મેરીટના કિસ્સામાં ટાઈબ્રેકર ગણવા સંદર્ભે નીચે મુજબનો નિયમ ધ્યાને લેવામાં આવશે.

4.1. સૌથી ઓછા ખોટા ઉત્તર આપનાર ઉમેદવાર

4.2. સ્નાતક પરીક્ષામાં સૌથી વધુ Percentage મેળવનાર ઉમેદવાર

4.3. ઉમેદવારની જન્મ તારીખને ધ્યાને લઈ વધુ ઉંમર ધરાવતા ઉમેદવાર

5. નિમણૂક અને પ્રતીક્ષા યાદી (Waiting List):

5.1. ઉમેદવારે લેખિત પરીક્ષાના મહત્તમ ગુણને આધારે પ્રથમ ક્રમે આવેલ ઉમેદવારને યુનિવર્સિટી સત્તા મંડળની મંજૂરી બાદ નિમણૂક આપવામાં આવશે.

5.2. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૭-૦૭-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ અનુસાર સદર જગ્યા માટે પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

## પરીક્ષા પદ્ધતિ

પરીક્ષા પદ્ધતિ-: પ્રાથમિક પરીક્ષા (Preliminary Exam) અને મુખ્ય પરીક્ષા (Main Exam) બંનેનું માળખું પ્રશ્નોની સંખ્યા, અભ્યાસક્રમ અને ગુણ નીચે મુજબ રહેશે .

### <u>પ્રાથમિક પરીક્ષા</u>

બંને પરીક્ષાઓ માટે લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે M.C.Q. પદ્ધતિથી લેખિત કસોટી હેતુલક્ષી પ્રશ્નોની લેવાશે, જેમાં પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે.

**કુલ પ્રશ્નો :૧૦૦, કુલ ગુણ:૧૦૦, સમય :૧૨૦ મિનિટનો રહેશે.**

| પેપર | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| યુનિટ-૧ | સામાન્ય જ્ઞાન | ૨૦ | બે કલાક |
| યુનિટ-૨ | ગુજરાતી કોમ્પ્રિહેન્સન અને વ્યાકરણ | ૨૦ | |
| યુનિટ-૩ | અંગ્રેજી કોમ્પ્રિહેન્સન અને વ્યાકરણ | ૨૦ | |
| યુનિટ-૪ | ગાણિતિક અને તાર્કિક કસોટીઓ (Reasoning) | ૨૦ | |
| યુનિટ ૫- | કોમ્પ્યુટર અંગેનું સામાન્ય જ્ઞાન | ૨૦ | |
| કુલ ગુણ : | | ૧૦૦ | |

i. પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પદ્ધતિની રહેશે.

ii. દરેક પ્રશ્નનો ૦૧ ગુણ રહેશે. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

iii. ખોટા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.

iv. દરેક પ્રશ્નના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં.

v. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ કરવામાં ન આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટિવ માર્કિંગ) કરવામાં આવશે.

vi. સદર પરીક્ષાનાં પ્રશ્નો ગુજરાતી ભાષામાં રહેશે તથા ફક્ત English ના પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે.

vii. પ્રાથમિક પરીક્ષામાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ તમામ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

viii. પ્રાથમિક પરીક્ષા ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે, પ્રાથમિક પરીક્ષામાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.

<u>**મુખ્ય પરીક્ષા**</u>

| વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|
| **સંબંધિત જગ્યા/વિષય અને ઉપયોગીતાને લગતા પ્રશ્નો** | **૧૫૦** | **બે કલાક** |

i. પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પદ્ધતિની રહેશે.

ii. દરેક પ્રશ્નનો ૦૧ ગુણ રહેશે.

iii. ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

iv. ખોટા જવાબદીઠ, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટિવ માર્કિંગ લાગુ પડશે.

v. દરેક પ્રશ્નના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટિવ માર્કિંગ લાગુ પડશે નહીં.

vi. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ કરવામાં ન આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટિવ માર્કિંગ) કરવામાં આવશે.

vii. સદર પરીક્ષાનાં પ્રશ્નો ગુજરાતી ભાષામાં રહેશે તથા ફક્ત English ના પ્રશ્નો અંગ્રેજી ભાષામાં રહેશે.

==========*********=========================*************==================*************==========

# પ્રાથમિક પરીક્ષા  વિગતવાર અભ્યાસક્રમ

MCQ TEST (લેખિત પરીક્ષા), કુલ ગુણ (Total Marks): ૧૦૦ ,સમયગાળો (Duration): ૧૨૦ મિનિટ

**યુનિટ ૧ :સામાન્ય જ્ઞાન (General Knowledge)** **ગુણ:૨૦**

A. ભારતનો ઇતિહાસ (History of India)

B. ગુજરાતનો ઇતિહાસ (History of Gujarat)

C. ગુજરાતનો ભૂગોળ (Geography of Gujarat)

D. ભારતીય રાજવ્યવસ્થા અને બંધારણ (Indian Polity & Constitution)

E. પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ

(Current events of state, national and international importance)

**યુનિટ ૨ :ગુજરાતી કોમ્પ્રિહેન્સન અને વ્યાકરણ** **ગુણ :૨૦**

A. સમીક્ષા, અર્થઘટન અને અનુમાનના કૌશલ્યનું મૂલ્યાંકન :ગદ્યખંડ (પેરેગ્રાફ) આપવામાં આવશે અને ગદ્યખંડના આધારે પ્રશ્નો પૂછવામાં આવશે

B. સંધિ

C. સમાસ

D. અલંકાર છંદ

E. જોડણી, પર્યાય અને વિરોધી શબ્દો

**યુનિટ 3 :English Comprehension and Grammar** **ગુણ:૨૦**

A. To assess comprehension, interpretation, and inference skills, a paragraph will be given followed by a set of questions based on the paragraph
B. Parts of Speech
C. Types of Sentences, Articles, Tenses
D. Subject-Verb Agreement, Modals
E. Voice, Direct & Indirect Speech

**યુનિટ ૪ :ગાણિતિક અને તાર્કિક કસોટીઓ (Reasoning and Quantitative Aptitude) ગુણ :૨૦**

A. ઉંમર સંબંધિત પ્રશ્નો (Problems on Ages)

B. વેન આકૃતિઓ (Venn Diagram) ,દ્રશ્ય આધારિત તાર્કિક પ્રશ્નો (Visual Reasoning) , માહિતીનું અર્થઘટન (ચાર્ટ, આલેખ, કોષ્ટક) (Data Interpretation (Chart, Graphs, Tables))

C. તાર્કિક અંકગણિત (Arithmetic Reasoning)

D. સંખ્યા પદ્ધતિ (Number System) ,સાદું રૂપ અને બીજગણિત (Simplification and Algebra) , સરેરાશ (Average)

E. ટકાવારી (Percentage) , નફો-ખોટ (Profit - Loss)

**યુનિટ ૫ :કોમ્પ્યુટર અંગેનું સામાન્ય જ્ઞાન (Computer General Knowledge) ગુણ :૨૦**

A. કોમ્પ્યુટર સિસ્ટમનાં મૂળભૂત ઘટકો (Basic Components of Computer System),

B. ઓપરેટિંગ સિસ્ટમ અને ફાઇલ મેનેજમેન્ટ (Operating System & File Management)

C. ઇન્ટરનેટ અને બેઝીક નેટવર્કિંગ (Local Area Network (LAN), Wide Area Network (WAN). (Internet and basic Networking))

D. વર્લ્ડ વાઇડ વેબ અને વેબસાઇટ્સ) World Wide Web and Websites) ,ઈ-મેઈલના મૂળભૂત મુદ્દાઓ (Basics of E-mail)

E. સાઇબર સુરક્ષા અને ડિજિટલ જાગૃતિ (Cyber Security & Digital Awareness)

# મુખ્ય પરીક્ષા વિગતવાર અભ્યાસક્રમ

**સંબંધિત જગ્યા/વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો ગુણ :૧૫૦**

**(Questions related to the concerned post/subject and its utility)**

A. જાહેર પ્રશાસન (Public Administration)

B. કચેરી કાર્યપદ્ધતિ (Office Procedure) ,ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો (The Gujarat Civil Services Classification and Recruitment (General) Rules) ,ગુજરાત મુલ્કી સેવા નિયમોની વિવિધ જોગવાઈઓ (Various provisions of GCSR) ,ગુજરાત રાજ્ય તબીબી સારવાર નિયમો (Gujarat State Medical Treatment Rules) , અનામત નીતિ (Reservation Policy)

C. ગુજરાત ખરીદ નીતિ અને પ્રોક્યોરમેન્ટ અને ખર્ચ સંબંધિત અન્ય જોગવાઈઓ (Provisions of Purchase, Procurement and Expenditures)

D. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ (UGC Regulation), Education-related Various council in India, શિક્ષણનો અધિકાર (Right to Education-RTE) , રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (NEP-2020 Policy), ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી (Higher Education System in India), ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની વૈધાનિક સંસ્થાઓ) Statutory Bodies in Higher Education), રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ NAAC (National Assessment and Accreditation Council), રાષ્ટ્રીય સંસ્થાકીય ક્રમનિર્ધારણ માળખું (NIRF) (National Institutional Ranking Framework), પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (PM-USHA) ANRF (The Anusandhan National Research Foundation) and other Research Funding Agency, ગુજરાત રાજ્ય સંસ્થાકીય ક્રમનિર્ધારણ માળખું (GSIRF) (Gujarat State Institutional Ranking Framework), નોલેજ કન્સોર્શિયમ ઓફ ગુજરાત (KCG) (Knowledge Consortium of Gujarat), ડિજિટલ ભારત (Digital India)

E. ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ (Gujarat Public Universities Act, 2023), ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ-૨૦૨૪ (Gujarat Public Universities Uniform Statutes, 2024),

F. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (Right to Information Act - RTI)

**D. અગત્યની સૂચનાઓ:-**

1. આ માટે ઉમેદવારોએ http://vnsgunt.samarth.edu.in વેબસાઈટ પર તા.૨૯-૧૦-૨૦૨૬ થી તા.૩૦-૧૧-૨૦૨૬ દરમ્યાન ઓન-લાઈન અરજી કરવાની રહેશે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ તેમજ અન્ય લાયકાતના બધા જ અસલ પ્રમાણપત્રો હાલમાં પોતાની પાસે જ રાખવાના રહેશે અને તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો અરજીપત્રકમાં ભરવાની રહેશે.
2. અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ સહિત આ સમગ્ર જાહેરાત દરેક ઉમેદવારે પ્રથમ ધ્યાનથી વાંચવી જરૂરી છે.જેથી ઉમેદવાર દ્વારા અરજીપત્રક ભરતા સમયે કોઈ ભૂલ/ખોટી વિગત દર્શાવવાનું ટાળી શકાય કે જેના કારણે ઉમેદવારી રદ થવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય.
3. ભરતી પ્રક્રિયા સંબંધેની તમામ સૂચનાઓ યુનિવર્સિટીની વેબસાઇટ www.vnsgu.ac.in પર મૂકવામાં આવશે. તેથી સમયાંતરે યુનિવર્સિટીની વેબસાઇટ અચૂક જોતાં રહેવું.
4. ઓન-લાઇન અરજી કરતી વખતે ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાત, વય, જાતિ તેમજ અન્ય લાયકાતના બધાં જ અસલ પ્રમાણપત્રો પોતાની પાસે જ રાખવાનાં રહેશે અને અરજીપત્રકમાં તે પ્રમાણપત્રોમાં દર્શાવ્યા મુજબની જરૂરી વિગતો ભરવાની રહેશે. આમ, પોતાનાં બધાં જ પ્રમાણપત્રો જેવાં કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કૅટેગરી (SC/ST/SEBC/EWS), દિવ્યાંગ (લાગુ પડતું હોય તો), માજી સૈનિક (લાગુ પડતું હોય તો) તેમજ અન્ય લાયકાતનાં અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓન-લાઇન અરજીમાં પોતાનાં પ્રમાણપત્રોને આધારે સાચી વિગતો ભરવાની રહે છે. અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી 'રદ' થવાપાત્ર બને છે. આથી, ઓનલાઇન અરજીપત્રક ઉમેદવારે કાળજીપૂર્વક ભરવાનું રહે છે.
5. પરીક્ષા ફી:-

   સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારોએ અરજી ફી ઓનલાઈન રૂ.૧૦૦૦/- ચૂકવવાની રહેશે, જ્યારે અનામત કક્ષાના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, માજી સૈનિકો તથા દિવ્યાંગ કેટેગરીના ઉમેદવારોએ અરજી ફી ઓનલાઈન રૂ.૫૦૦/-ચૂકવવાની રહેશે,

   ઉમેદવારોએ પોતાની અરજી સબમિટ કર્યા બાદ, પરીક્ષા ફી છેલ્લી તા.૩૦-૧૧-૨૦૨૬ સુધીમાં ફરજિયાત ઓન-લાઈન ભરવાની રહેશે.પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ બાદ ફી ભરવા માટેની લિન્ક આપોઆપ બંધ થઈ જશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇ પણ રીતે (લેઇટ ફી લઈને પણ) પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં. જરૂરી ફીની ચૂકવણી વગરની અરજી અધૂરી ગણવામાં આવશે અને તેને નામંજૂર કરવામાં આવશે.
6. આ જગ્યા બિન અનામત(General) વર્ગની છે, તેમ છતાં તમામ અનામત વર્ગના ઉમેદવારો આ જગ્યા માટે અરજી કરી શકશે. તેઓને સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ વય મર્યાદા અને પરીક્ષા ફી માં મળવાપત્ર તમામ છૂટછાટનો લાભ મળશે. જોકે, આખરી પસંદગી માટે તેઓએ બિન અનામત(General) વર્ગના મેરીટ(cut off) ધોરણો પૂર્ણ કરવાના રહેશે.

7. જરૂરીયાત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની જરૂરી સૂચનાઓ ઉમેદવારને મોબાઇલ નંબર પર એસ.એમ.એસ.થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી આ નંબર જાળવી રાખવો જરૂરી અને આપના હિતમાં છે.
8. ઉમેદવારે Online અરજીપત્રકમાં વિગતો ભરતાં સમયે જાતિ (કેટેગરી) અંગે જે વિગત દર્શાવેલ હશે તે અરજીપત્રક Confirm થયેથી જાતિ (કેટેગરી) માં પાછળથી ફેરફાર કરવાની કોઇ પણ વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલી વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ, પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે – તે તબકકે "રદ્દ" ગણવામાં આવશે
9. ઉમેદવાર દ્વારા વિદેશની યુનિવર્સિટીની પદવી મેળવેલ હશે તો તેવી પદવી ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના જરૂરી આધાર/પુરાવા રજુ કરવાના રહેશે.પ્રમાણપત્રોની ચકાસણીના કાર્યક્રમની સમયમર્યાદામાં આ અંગેના આધાર/પૂરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે યુનિવર્સિટીની કોઈ ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.
10. ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.) ઉમેદવારે આવો ફોટો તાજેતરમાં જ પડાવેલો હોવો જરૂરી છે, જેથી ભરતી/ નિમણૂકના વિવિધ તબક્કે ઓળખ પ્રસ્થાપિત કરવામાં કોઈ મુશ્કેલી ન અનુભવાય.
11. ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર અને ઇ-મેલ આઇ.ડી. દર્શાવે છે તે નંબર અને ઇ-મેલ આઇ.ડી. ચાલુ જ રાખવાં. ભવિષ્યમાં યુનિવર્સિટી તરફથી આ પરીક્ષાને સંબંધિત પરીક્ષાલક્ષી કેટલીક સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલા નંબરના મોબાઇલ પર SMS થી મોકલવામાં આવશે. તેથી અરજીપત્રકમાં દર્શાવેલા મોબાઇલ નંબર, ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો, એ ઉમેદવારના હિતમાં છે.
12. યુનિવર્સિટી જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે યુનિવર્સિટીના સત્તામંડળના સભ્ય કે અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતાં હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ

કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઈ પણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈ પણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લીલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે યુનિવર્સિટીએ રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલાં તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈ પણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) યુનિવર્સિટી, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) યુનિવર્સિટીએ, સીધી પસંદગી માટે લેવાતી કોઈ પણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (ખ)(૨) રાજ્ય સરકાર પોતાના હેઠળની કોઈ પણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલા હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

13. ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલી જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલૂમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ઉમેદવારની ઉમેદવારી યુનિવર્સિટી દ્વારા 'રદ' કરી શકાશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂક થયેલી હશે તો પસંદગી/નિમણૂક, મંડળ/નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે 'રદ' કરવામાં આવશે.
14. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગ્યા ઉપર નિમણૂક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી, તો તેને પડતો મૂકી શકાશે. નિમણૂક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

## E. General instructions for the Non-teaching/Administative Positions:

1. Applicants must submit the application through online recruitment portal at https://vnsgunt.samarth.edu.in. on or before **dt.30-11-2026 till 11:59** pm and must upload the necessary documents with the online application.
2. **Applicant shall submit copy of printout of the application along with necessary certificates and testimonial in two sets by Speed Post/Registered Ad/In person to The Registrar, Veer Narmad South Gujarat University, University Campus, Udhna- Magdalla Road, Surat- 395007. The envelope should be superscripted with "Application for the post of ………………" so as to reach The Registrar, Veer Narmad South Gujarat University, University Campus, Udhna- Magdalla Road, Surat- 395007 on or before dt.08-12-2026 till 6:10 pm. Applications received after the due date will not be considered. The University will not be responsible for postal delay, if any.**
3. The applicant must ensure that he/she fulfills the eligibility conditions for the Post applied as per respective Notifications.
4. In no circumstances any content of the application form should be modified.
5. Reservation for SC/ST/SEBC/EWS and Persons with Benchmark Disabilities will be as per the existing policy of Government of Gujarat.
6. Candidates belonging to reserved category (SC/ST/SEBC/EWS) or physically handicapped or Ex-serviceman must attach necessary certificate from the competent authority of the state. SEBC candidate should furnish the Current Financial Year's "Non-Creamy Layer Certificate" in the prescribed Performa along with his/her application form, failing which the candidate will not be entitled to get the benefit of reserved category. SC, ST, SEBC and EWS candidates of origin of Gujarat can only avail the benefit of reservation.
7. Applicants are advised to apply to the University well in advance without waiting for the last date and time to avoid any kind of delays due to unforeseen events or circumstances. The University shall not be responsible for any delay at any stage.
8. Applicants who are already in service should apply through their present employer. Direct application shall not be considered. However, due to any unavoidable circumstances, if the application through proper channel is likely to be delayed then an advance copy along with required application fee may be sent on or before the due date mentioning ADVANCE COPY on envelop. Persons employed after making application in response to this advertisement should bring "NO OBJECTION CERTIFICATE" at the time of interview from their employers.
9. The application fee will not be refunded once the form has been submitted by the applicant.
10. Any change in address mentioned in the application form should be communicated in written to The Registrar, Veer Narmad South Gujarat University, University Campus, Udhna- Magdalla Road, Surat- 395007.
11. Candidates are advised to satisfy themselves before applying that they possess the prescribed qualifications. No inquiry asking for advice as to eligibility will be entertained.
12. Experience and qualifications will be reckoned as on the last date and time for submission of application. Any updating of qualifications, credentials, experience, etc. will not be entertained after the last date and time of receiving the application.

13. Any additional qualifications, experience, honours and other achievements gained by the candidate during the period between the last date of application and the date of conducting the interview shall not be taken into consideration.
14. A candidate who provides incorrect or false information or suppresses material information will be disqualified and if appointed, will be liable to be dismissed.
15. The appointment of the candidate shall be subject to the conditions of service rules of the State Government/Gujarat Public Universities Uniform Statues, 2024/University as may be amended from time to time.
16. In case of any Dispute/Ambiguity that may occur in the process of selection, the decision of the Vice-Chancellor /Executive Council/Board of Management, Veer Narmad South Gujarat University, Surat in all matters relating to Eligibility, Acceptance or Rejection of Application, mode of selection, personal Interview shall be final and no query or correspondence will be entertained in this connection from any individual or his/her agency.
17. Candidates, who have obtained Degrees or Diplomas or Certificates for various Courses /Academic Programs from any Institution declared Fake/Derecognized by various statutory bodies shall not be eligible for being considered for recruitment.
18. For updates Candidates are advised to check regularly the Website of Veer Narmad South Gujarat University, Surat: www.vnsgu.ac.in and https://vnsgunt.samarth.edu.in.
19. In case of any inadvertent mistake in the process of selection which may be detected at any stage even after the issuance of the appointment letter, the University reserves the right to cancel the appointment/selection of the candidate.
20. Incomplete applications in any respect will not be considered and shall be rejected.
21. Canvassing in any form on behalf of or by any candidate will disqualify him/her from being considered.
22. Admit Card/Hall Ticket/Call letters and other correspondence regarding application will be sent to the candidates by e-mail only and necessary information shall be displayed on the website of the University.
23. No TA/DA shall be paid to the candidates for attending Written Examinations.
24. Pay Protection, other entitlements, and service conditions will be as per the rules and regulations laid down by the Government of Gujarat from time to time.
25. The Veer Narmad South Gujarat University, Surat reserves the right:
    i. To withdraw the advertisement either partly or wholly at any time without giving any reason.
    ii. To fill or not to fill up some or all the posts advertised for any reason whatsoever.
    iii. To increase/decrease the number of Non-Teaching/Administrative positions after the due procedure as per directions of UGC, New Delhi / Gujarat Government from time to time.
26. Any dispute regarding the recruitment will fall under the jurisdiction of Surat, Gujarat State.
27. Appointment will be given to the selected candidates only after approval of Government of Gujarat.

Place: Surat
Date:28-10-2026